# એચ.એફ.ઈ.એ. (HFEA) ના મંજૂરી માટેના ફોર્મ વિશે માર્ગદર્શન

ધ હ્યુમન ફર્ટિલાઈઝેશન એન્ડ એમ્બ્રિઓલોજી ઓથોરિટી (એચ.એફ.ઈ.એ.) (The Human Fertilisation and Embryology Authority (HFEA) નાં મંજૂરી માટેનાં ફોર્મ, એચ.એફ.ઈ.એ.નું લાઈસન્સ મેળવેલાં સેન્ટરોમાં દાતાઓ, દર્દીઓ અને તેમનાં જીવનસાથીઓએ ફર્ટિલિટિ (પ્રજનનક્ષમતા - બાળકને જન્મ આપવાની ક્ષમતા)ની સારવાર માટેની મંજૂરીનાં જુદાં જુદાં પાસાંઓની નોંધ કરવા ઉપયોગમાં લેવા માટે છે. આ દસ્તાવેજમાં એચ.એફ.ઈ.એ.નાં મંજૂરી માટેનાં ફોર્મ વિશે પાર્શ્વભૂમિકાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

## સારવાર, સંગ્રહ અને/અથવા દાન કરવા માટેની મંજૂરી

ધ હ્યુમન ફર્ટિલાઈઝેશન એન્ડ એમ્બ્રિઓલોજી (એચ.એફ.ઈ.) એક્ટ 1990 (સુધારો કરાયા મુજબ) (The Human Fertilisation and Embryology (HFE) Act 1990 (as amended)) હેઠળ લાઈસન્સ પ્રાપ્ત સેન્ટરોએ કોઈ વ્યક્તિનાં ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓ (ગર્ભાંકુર)નો સંગ્રહ કરતાં પહેલાં કે તે વાપરતાં પહેલાં તે વ્યક્તિને તે વિશે માહિતી આપીને તેમની લેખિત મંજૂરી લેવી જરૂરી બને છે. વ્યક્તિને નીચેની માહિતી આપવામાં આવવી જ જોઈએ:

- તેમની સારવાર અથવા દાન કરવાનો પ્રકાર, હેતુ અને તેની અસરો તેઓ સમજી શકે તેટલા પ્રમાણમાં પૂરતી માહિતી
- તેઓ જે પગલાં લેવાનું વિચારી રહ્યાં હોય તેની અસરો વિશે તેમને અનુરૂપ કાઉન્સેલિંગ મળી શકે તેવી યોગ્ય તક, અને
- આપવામાં આવેલી કોઈ પણ મંજૂરીમાં ફેરફાર કરવાની અથવા તે પાછી ખેંચી લેવા વિશેની માહિતી અને તેમ કરવાને લીધે પડનારી અસરો.

એચ.એફ.ઈ.એ. સેન્ટરોને મંજૂરી મેળવવા માટેનાં નીચેનાં ફોર્મો પૂરાં પાડે છે:

### સારવાર

| | |
|---|---|
| MT (એમ.ટી.) | તમારા વીર્ય અને એમ્બ્રિઓનો તમારા જીવનસાથીની સારવાર માટે ઉપયોગ કરવા અને તમારા એમ્બ્રિઓનો સંગ્રહ કરવા માટે તમારી મંજૂરી |
| WT (ડબલ્યુ.ટી.) | તમારા ઈંડાં, અને એમ્બ્રિઓનો તમારી સારવાર માટે ઉપયોગ કરવા અને તમારા એમ્બ્રિઓનો સંગ્રહ કરવા માટે તમારી મંજૂરી |
| MGI (એમ.જી.આઈ.) | તમારા વીર્યનો કૃત્રિમ ગર્ભાધાન માટે ઉપયોગ કરવા દેવા તમારી મંજૂરી |
| WGI (ડબલ્યુ.જી.આઈ.) | તમારાં ઈંડાંનો GIFT (ગિફ્ટ)માં ઉપયોગ કરવા દેવા તમારી મંજૂરી |

### સંગ્રહ

| | |
|---|---|
| GS (જી.એસ.) | તમારાં ઈંડાં અથવા વીર્યનો સંગ્રહ કરવા દેવા માટે તમારી મંજૂરી |
| LGS (એલ.જી.એસ.) | તમારાં ઈંડાં અથવા વીર્યના સંગ્રહનો સમય લંબાવવા માટે તમારી મંજૂરી |
| ES (ઈ.એસ.) | તમારા એમ્બ્રિઓના સંગ્રહનો સમય લંબાવવા માટે મંજૂરી |

### દાન

| | |
|---|---|
| MD (એમ.ડી.) | તમે દાન કરેલા વીર્યનો ઉપયોગ અને સંગ્રહ કરવા દેવા માટે તમારી મંજૂરી |
| WD (ડબલ્યુ.ડી.) | તમે દાન કરેલા ઈંડાંનો ઉપયોગ અને સંગ્રહ કરવા દેવા માટે તમારી મંજૂરી |
| ED (ઈ.ડી.) | તમે દાન કરેલા એમ્બ્રિઓનો ઉપયોગ અને સંગ્રહ કરવા દેવા માટે તમારી મંજૂરી |

### સરોગસી (બીજાં કોઈના બાળકનો ગર્ભધારણ કરવો)

| | |
|---|---|
| MSG (એમ.એસ.જી.) | સરોગસી માટે તમારા વીર્ય અથવા એમ્બ્રિઓનો ઉપયોગ અને સંગ્રહ કરવા દેવા માટે તમારી મંજૂરી |
| WSG (ડબલ્યુ.એસ.જી.) | સરોગસી માટે તમારાં ઈંડાં અથવા એમ્બ્રિઓનો ઉપયોગ અને સંગ્રહ કરવા દેવા માટે તમારી મંજૂરી |

### મંજૂરી પાછી ખેંચવી

| | |
|---|---|
| WC (ડબલ્યુ.સી.) | તમારી મંજૂરી પાછી ખેંચવી અથવા તમારી મંજૂરી નહિ હોવાનું જણાવવું |

## માહિતી જાહેર કરવા દેવા માટેની મંજૂરી

એચ.એફ.ઈ. એક્ટ 1990 (સુધારો કરાયા મુજબ) હેઠળ, ક્લિનિકો દ્વારા અથવા એચ.એફ.ઈ.એ. દ્વારા રાખવામાં આવેલી લોકોની અથવા તેમના જીવનસાથીની સારવાર, તેમના બીજકોષો અને એમ્બ્રિઓના સંગ્રહ અને દાન કરવા સંબંધિત કોઈ પણ ઓળખી શકાય તેવી માહિતી, તેમની મંજૂરી વગર ત્રીજા પક્ષને (દા.ત સંશોધનકાર અથવા દર્દીના જીપી) જાહેર ન જ કરવી જોઈએ, સિવાય કે કોઈ તબીબી તાત્કાલિક પરિસ્થિતિ ઊભી થઈ હોય. નીચેના ફોર્મનો ઉપયોગ કરીને ક્લિનિક આ માટેની મંજૂરી મેળવી શકે છે:

CD (સી.ડી.) ઓળખી શકાય તેવી માહિતી જાહેર કરવા દેવા માટે તમારી મંજૂરી

## તબીબી હેતુઓ

CD ફોર્મનો વિભાગ 3 ક્લિનિકો દ્વારા માહિતી જાહેર કરવા સંબંધિત છે. કોઈ દર્દી તેમની અથવા તેમના જીવનસાથીની સારવાર, તેમના બીજકોષો અને/અથવા એમ્બ્રિઓના સંગ્રહ કે દાનને લગતી ઓળખી શકાય તેવી માહિતી જાહેર કરવા માટેની પોતાની મંજૂરી ક્લિનિકને આપી શકે છે. આ માહિતી તેઓ પોતાના જીપી, બીજા કોઈ આરોગ્ય સંભાળના વ્યવસાયિક (જેથી તેઓ સંભવિત સર્વોત્તમ તબીબી સંભાળ પૂરી પાડી શકે) અને/અથવા ઓડિટરો અને વહીવટીય કર્મચારીઓ સમક્ષ જાહેર કરી શકે છે (જેથી તેઓ સેન્ટરની લાઈસન્સ હેઠળ કરી શકાતી પ્રવૃત્તિઓ સાથે સંબંધિત તેમના માટે કરવામાં આવતાં કાર્યો કરી શકે).

## સંશોધનના હેતુઓ

વિભાગ 4 એચ.એફ.ઈ.એ.ના નોંધણીપત્રક પર રાખેલી માહિતી સાથે સંબંધિત છે. કોઈ દર્દી તેમની અથવા તેમના જીવનસાથીની સારવાર વિશેની અથવા તેમના બીજકોષો અને/અથવા એમ્બ્રિઓના સંગ્રહ વિશેની ઓળખી શકાય તેવી માહિતી એચ.એફ.ઈ.એ. જાહેર કરી શકે તે માટે તેમને પોતાની મંજૂરી આપી શકે છે.

આ મંજૂરીનો હેતુ, પ્રજનનક્ષમતાની સારવારોની અસરકારકતાની તપાસ કરવા માટે સંશોધનકારો લોકોની સારવાર અથવા સંગ્રહ વિશેની માહિતીનો ઉપયોગ કરી શકે તે છે.

જ્યારે પણ શક્ય હોય ત્યારે, સંશોધન માટે નામ વગરની માહિતીનો જ માત્ર ઉપયોગ કરવામાં આવશે, પરંતુ અમુક સમયે બે જુદી જુદી વિગતમાહિતીઓ વચ્ચેનું જોડાણ સ્થાપવા માટે (દાખલા તરીકે આઈ.વી.એફ. વિશેનું એચ.ઈ.એફ.એ.ના નોંધણીપત્રકની સાથે કેન્સર વિશેના સામાન્ય નોંધણીપત્રક વચ્ચે) સંશોધનકારોએ વ્યક્તિને ઓળખી શકાય તેવી માહિતીનો (જેમ કે નામ અથવા જન્મતારીખનો) ઉપયોગ કરવાની જરૂર પડી શકે. આનાથી સંશોધનકારો આઈ.વી.એફ. કરાવનારાં દર્દીઓના આરોગ્યનાં વલણોની તપાસ કરી શકશે. આ ઉપરાંત, તેનાથી આઈ.વી.એફ.થી જન્મેલાં બાળકો માટેનાં પરિણામોમાં અથવા આઈ.વી.એફ. કામ કરે છે કે નહિ તેમાં તફાવત લાવી શકે (દાખલા તરીકે ધૂમ્રપાન છોડી દેવાથી આઈ.વી.એફ.ની સફળતાના પ્રમાણમાં કોઈ ફેર પડે છે કે નહિ) તેવાં પરિબળો વિશે સંશોધનકારો તપાસ કરી શકશે.

એચ.એફ.ઈ.એ.ના નોંધણીપત્રક પર રાખેલી માહિતીમાં દર્દી, તેમની સારવારની વિગતો તેમજ તેમની સારવારનાં પરિણામોનો સમાવેશ કરવામાં આવે છે. જ્યારે પણ સંશોધનકારો અંગત માહિતી મેળવે છે ત્યારે આ પત્રક પર રાખવામાં આવેલ વિગતોનું અથવા તે મેળવવા માટેના માર્ગનું રક્ષણ કરતા કડક નિયમો દ્વારા તેમનું નિયંત્રણ કરવામાં આવે છે. જ્યાં સંશોધનકારો તેમનાં સંશોધનનાં પરિણામો જાહેર કરે છે ત્યાં તેઓ એ વાતની ખાતરી કરે છે કે સંશોધન માટે જેમની વિગતોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવી કોઈ પણ વ્યક્તિની ઓળખ છતી ન થાય.

દાતાઓને તેમજ દાન કરાયેલ બીજકોષો અથવા એમ્બ્રિઓના ઉપયોગથી જેમની સારવાર કરવામાં આવી રહી હોય તે લોકોને સંશોધન માટે પોતાની મંજૂરી આપવાનું કહેવામાં આવતું નથી. દાન કરાયેલા બીજકોષો અથવા એમ્બ્રિઓનો વાપરીને કરવામાં આવેલી સારવાર વિશેની માહિતી દર્દીનું નામ કાઢી લીધા પછી જ જાહેર કરવામાં આવશે.

1 મે 2010થી, સારવાર મેળવનારી કોઈ પણ વ્યક્તિએ, તેમણે સારવાર મેળવવા માટે ક્લિનિકમાં ક્યારે નામ નોંધાવેલું છે તેને ધ્યાનમાં લીધા વગર, CD ફોર્મ ભરવું ફરજિયાત બને છે (જો તેમણે તે પહેલેથી ભરેલું ન હોય તો).

## માતાપિતા તરીકેની મંજૂરી

જ્યાં પ્રજનનક્ષમતા માટેની સારવારમાં દાન કરાયેલ વીર્યનો ઉપયોગ કરવાનો હોય અથવા દાતાના વીર્ય અથવા એમ્બ્રિઓનો ઉપયોગ કરીને, એમ્બ્રિઓઝ બનાવવામાં આવેલ હોય, ત્યાં એચ.એફ.ઈ. એક્ટ 2008 અનુસાર, લાઈસન્સ પ્રાપ્ત સેન્ટરોએ વ્યક્તિને પૂરતી માહિતી આપીને તેમની પાસેથી કાયદેસર માતાપિતા બનવા માટેની લેખિત મંજૂરી લેવી જ જોઈએ. દર્દી પરિણિત/સિવિલ પાર્ટનરશીપમાં બંધાયેલ છે અથવા અપરિણિત છે / સિવિલ પાર્ટનરશીપમાં બંધાયેલ નથી તેના આધારે જુદા જુદા પ્રકારની મંજૂરીની જરૂર પડે છે. આના વિશે માહિતી માટે કૃપા કરીને www.hfea.gov.uk જુઓ.

એચ.એફ.ઈ.એ. સેન્ટરોને નીચેનાં ફોર્મ પૂરાં પાડે છે, જેથી દર્દીઓ અને તેમનાં જીવનસાથીઓ માતાપિતા બનવા માટેની તેમને યોગ્ય મંજૂરી આપી શકે:

| | |
|---|---|
| PP (પી.પી.) | કાયદેસર માતા કે પિતા બનવા માટે તમારી મંજૂરી |
| WP (ડબલ્યુ.પી.) | તમારા જીવનસાથી કાયદેસર માતા કે પિતા બને તે માટે તમારી મંજૂરી |
| WC (ડબલ્યુ.સી.) | તમારી મંજૂરી પાછી ખેંચવી અથવા તમારી મંજૂરી નહિ હોવાનું જણાવવું |

# મંજૂરી પાછી ખેંચવી અને તેમાં ફેરફાર કરવો

જ્યાં સુધી ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓનો ઉપયોગ કરવામાં ન આવે તે સમય સુધી વ્યક્તિ પોતાની મંજૂરી પાછી ખેંચી શકે અથવા તેમાં ફેરફાર કરી શકે. ઈંડાં, વીર્ય અને એમ્બ્રિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું ત્યારે ગણવામાં આવે છે, જ્યારેઃ

- તે કોઈ મહિલામાં દાખલ કરવામાં આવે
- સંશોધનના પ્રોજેક્ટમાં તે વાપરવામાં આવે (તેને સંશોધનકારના અંકૂશ હેઠળ હોવા તરીકે અને સંશોધનમાં ઉપયોગ લેવા માટે તેનો ઉછેર કરવામાં આવતો હોવા તરીકે સ્પષ્ટ કરવામાં આવે છે)
- તાલીમ માટે વાપરવામાં આવે (તાલીમ મેળવી રહેલાં લોકોના અંકૂશ હેઠળ હોવા તરીકે તે સ્પષ્ટ કરવામાં આવે છે), અથવા
- તેને નષ્ટ કરી દેવામાં આવે.

WC ફોર્મ ભરીને અથવા બીજી કોઈ રીતે પોતાની લેખિત સૂચના આપીને મંજૂરી પાછી ખેંચી શકાય છે.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાની મંજૂરીમાં ફેરફાર કરે છે ત્યારે તે માટે મંજૂરીનું નવું ફોર્મ ભરવામાં આવે તે સલાહભર્યું છે. દાખલા તરીકે, જેમના વીર્યનો સંગ્રહ કરવામાં આવ્યો હોય તેવો કોઈ દર્દી WC ફોર્મનો ઉપયોગ કરીને પોતાના મૃત્યુ બાદ તે વીર્યનો ઉપયોગ કરવા દેવાની પોતાની મંજૂરી પાછી ખેંચી લે, તો તે માટે નવું MT ફોર્મ ભરવામાં આવવું જોઈએ.

# સંજોગોમાં ફેરફારો

દર્દીઓ અને દાતાઓએ તેમની વિગતોમાં થતા કોઈ પણ ફેરફારો વિશે સેન્ટરને જાણ કરવી જોઈએ, દાખલા તરીકે તેમનું સરનામું બદલાય અથવા જીવનસાથી બદલાય. દર્દીઓ અને દાતાઓએ એ વાતનો પણ વિચાર કરવો જોઈએ કે જો તેમનું મૃત્યુ થાય અથવા તેમની માનસિક ક્ષમતામાં કોઈ પ્રકારે ફેરફાર થાય તો તેમનાં ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓ વિશે તેઓ શું કરવાની ઈચ્છા ધરાવે છે.

મૃત્યુ પછી અથવા માનસિક ક્ષમતા બદલાયા પછી ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓના સંગ્રહ અથવા ઉપયોગ કરવાની મંજૂરી, મંજૂરી માટેનાં ફોર્મનો ઉપયોગ કરીને આપી શકાય છે. જો આવી કોઈ મંજૂરી આપવામાં નહિ આવી હોય, તો ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓને નષ્ટ થઈ જવા દેવામાં આવશે.

# કાઉન્સેલિંગ અને માહિતી

મંજૂરી માટેનું કોઈ પણ ફોર્મ ભરતાં પહેલાં, મંજૂરી આપનાર વ્યક્તિને તે સૂચિત પગલાંની શું અસર પડશે તે વિશે અનુરૂપ કાઉન્સેલિંગ મેળવવાની યોગ્ય તક આપવામાં આવવી જ જોઈએ અને તેમને એચ.એફ.ઈ.એ.ની આચાર સંહિતામાં જણાવ્યા અનુસાર સંબંધિત તમામ માહિતી પૂરી પાડવામાં આવવી જ જોઈએ. સેન્ટરો આચાર સંહિતાનો સંદર્ભ લઈ શકે છે જ્યાં આ જરૂરિયાત સમજાવવામાં આવી છે.

# મંજૂરી પર મર્યાદા મૂકવી

કોઈ વ્યક્તિ તેમનાં ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓનો સંગ્રહ કરવા દેવાની પોતાની મંજૂરી પર મર્યાદા મૂકી શકે છે. દાખલા તરીકે, કોઈ દાતા દાન કરતી વખતે એવું જણાવી શકે કે તેઓ જાણતાં હોય તેવી વ્યક્તિની સારવાર માટે જ તેનો ઉપયોગ કરવામાં આવે. આ મર્યાદાઓની મંજૂરી માટેના ફોર્મ પર જણાવી શકાય છે અથવા તો તેને અલગ કાગળ પર લખીને સહી કરીને, તારીખ લખીને તેને ફોર્મની સાથે જોડી શકાય છે.

## દાન

બીજી કોઈ વ્યક્તિની સારવાર માટે, સંશોધન અથવા તાલીમ માટે ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓનું દાન કરવા માટે, દાતાઓએ પોતે તે માટે યોગ્ય હોવાનું સ્થાપિત કરવા માટેનો ચોક્કસ માપદંડ પૂરો કરવો જ જોઈએ. (દાખલા તરીકે ઉંમરનો માપદંડ અને સ્ક્રીનિંગ ટેસ્ટ).

**સારવાર માટે દાન કરવું** - બીજી કોઈ વ્યક્તિની સારવાર માટે ઈંડાં, વીર્ય અને એમ્બ્રિઓનું દાન કરવાથી, જે લોકો અન્ય કોઈ રીતે બાળક મેળવી શકે તેમ ન હોય તેમને બાળકને જન્મ આપવાની તક મળી રહે છે. આ પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં, સેન્ટરે દાતાઓને દાતા તરીકેની તપાસને લગતી તમામ જરૂરતોની અને માતાપિતા બનવાને લગતા અને દાન કરવાને લગતા કાનૂની મુદ્દાઓ વિશેની તમામ માહિતી પૂરી પાડવી જોઈએ. સારવાર માટે દાન કરવા વિશે વધારે માહિતી માટે www.hfea.gov.uk જુઓ.

**સંશોધન અને તાલીમ માટે દાન કરવું** - સંશોધન અને તાલીમના હેતુસર ઈંડાં, વીર્ય અને એમ્બ્રિઓનું દાન કરવાથી, સંશોધનો કરી શકાય છે (દા.ત. ગંભીર રોગો અને તેની સારવાર વિશેનું જ્ઞાન વધે છે) અને લોકોને એમ્બ્રિઓ બાયોપ્સી, એમ્બ્રિઓના સંગ્રહ તેમજ અન્ય એમ્બ્રિઓલોજિકલ ટેક્નીકોમાં તાલીમ આપી શકાય છે. આ માટે દાતાઓ પોતાની મંજૂરી આપે તે પહેલાં, સેન્ટરે તેમને જે તે ચોક્કસ સંશોધન પ્રોજેક્ટ અથવા તાલીમ અને તેના ઉદેશો વિશે માહિતી આપવી જોઈએ. સંશોધન અને તાલીમ માટે દાન કરવા વિશે વધારે માહિતી માટે www.hfea.gov.uk જુઓ.

## બીજકોષો અને એમ્બ્રિઓનો તાલીમમાં ઉપયોગ કરવા દેવાની મંજૂરી

જ્યારે કોઈ વ્યક્તિ પોતાનાં ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓનો તાલીમના હેતુસર ઉપયોગ કરવા દેવા ઈચ્છતી હોય, તો તેમણે આ માટે પોતાની લેખિત મંજૂરી આપવી જ જોઈએ. જ્યારે કોઈ દર્દીની સારવાર કર્યા બાદ ઈંડાં, વીર્ય અથવા એમ્બ્રિઓ બચ્યાં હોય ત્યારે ઘણીવાર આ વિકલ્પનો વિચાર કરવામાં આવે છે, જો કે માત્ર તાલીમના હેતુસર પણ વીર્ય એકઠું કરી શકાય છે.

એમ્બ્રિઓનો ઉપયોગ થઈ શકે તેવી તાલીમની પ્રવૃત્તિઓની એક યાદી એચ.એફ.ઈ.એ.ની વેબસાઈટ પરથી મેળવી શકાય છે. તાલીમની કઈ પ્રક્રિયામાં બીજકોષોનો ઉપયોગ કરી શકાય તે દરેક ક્લિનિકની જરૂરતો અનુસાર જુદી જુદી હોય છે.

પોતાની મંજૂરી આપતાં પહેલાં દર્દીઓ આના વિશે પોતાની ક્લિનિક પાસેથી વધારે માહિતી મેળવવા કદાચ ઈચ્છે.

## ક્લિનિક વિશે માહિતી

મંજૂરી મેળવતા ક્લિનિકના કર્મચારીએ મંજૂરી માટેના ફોર્મના દરેક પાના પર નીચે દર્દી અથવા દાતાનો નંબર લખવો જરૂરી છે. જો પાનાં છૂટાં પડી જાય તો આનાથી તે પાનાં ઓળખવામાં મદદ થશે. જો કે, એચ.એફ.ઈ.એ. સેન્ટરનો રેફરન્સ નંબર, અન્ય લાગતાંવળગતાં ફોર્મ અને કેટલા સમયથી બીજકોષ કે એમ્બ્રિઓ સંગ્રહવામાં આવ્યાં છે તે લખવાનું વૈકલ્પિક છે.

### ઉપયોગી લિન્ક્સ

**હ્યુમન ફર્ટિલાઈઝેશન એન્ડ એમ્બ્રિઓલોજી ઓથોરિટી (Human Fertilisation and Embryology Authority)** – www.hfea.gov.uk

**બ્રિટિશ ઈનફર્ટિલિટિ કાઉન્સેલિંગ અસોસિએશન (British Infertility Counselling Association)** – www.bica.net

**ઈનફર્ટિલિટિ નેટવર્ક યુકે (Infertility Network UK)** – www.infertilitynetworkuk.com

**નેશનલ ગેમિટ ડોનેશન ટ્રસ્ટ (National Gamete Donation Trust)** – www.ngdt.co.uk

**ડોનર કન્સેપ્શન નેટવર્ક (Donor Conception Network)** – www.dcnetwork.org

HUMAN FERTILISATION & EMBRYOLOGY AUTHORITY

# પારિભાષિક શબ્દોની યાદી

### Counselling – કાઉન્સેલિંગ
દર્દીઓ અથવા દાતાઓ અને તેમનાં જીવનસાથીઓ પ્રજનનક્ષમતાની સારવારની અસરો સમજી શકે અને તેમને લાગણીશીલ ટેકો આપવામાં અને તેમને તે સારવારનાં પરિણામોનો સામનો કરવામાં મદદ કરવાનો ઉદ્દેશ છે.

### Donation – દાન
શબ્દ ‘દાન’ (ડોનેશન)નો ઉપયોગ વીર્ય, ઈંડાં અથવા એમ્બ્રિઓનો પ્રજનનક્ષમતાની સારવાર, સંશોધન અથવા તાલીમમાં ઉપયોગ કરવા માટે ભેટ આપવા કરવામાં આવે છે.

### Donor Insemination (DI) – ડોનર ઈન્સેમિનેશન (ડી.આઈ.)
દાન કરાયેલ વીર્યને યોનિમાર્ગમાં, ગર્ભાશયના મુખમાં અથવા સીધા ગર્ભાશયમાં દાખલ કરવું.

### Egg sharing – ઈંડાંની વહેંચણી
એક એવી ગોઠવણ, જ્યાં આઈ.વી.એફ. કરાવવા માગતી સ્ત્રીની સારવારના પહેલા ભાગમાં તેનાં ઈંડાં મેળવવામાં આવે છે. તે પછી તે આ ઈંડાનો અમુક ભાગ તેની પોતાની સારવારમાં વાપરે છે અને બાકીના બચેલા ઈંડાં બીજી સ્ત્રીને દાન કરી દે છે. ઈંડાંનું દાન કરી રહેલી સ્ત્રીને તેની સારવારના ખર્ચમાં ઘટાડા જેવા ફાયદા મળી શકે.

### Embryo – એમ્બ્રિઓ
ફળદ્રુપ ઈંડું જે વિકસીને ગર્ભ બનવાની સંભાવના ધરાવતું હોય.

### Embryo freezing – એમ્બ્રિઓ થીજવવું
એક ચક્રમાં સારવાર માટે જે એમ્બ્રિઓની જરૂરત ન હોય તેમને થીજવીને ભવિષ્યમાં વાપરવા માટે સંગ્રહી શકાય છે. આ રીતે થીજવવાને ‘ક્રાયોપ્રીઝર્વેશન’ પણ કહે છે.

### Embryo storage – એમ્બ્રિઓનો સંગ્રહ
ભવિષ્યમાં ઉપયોગ કરવા માટે એક અથવા વધારે એમ્બ્રિઓનો થીજવીને સંગ્રહ કરવો.

### Embryo transfer – એમ્બ્રિઓ ટ્રાન્સફર
એબ્રિઓઝને ફરીથી સ્ત્રી દર્દીમાં દાખલ કરીને પાછા મૂકી દેવા

### Gametes – બીજકોષ
પુરૂષનું વીર્ય અથવા સ્ત્રીનું ઈંડું જે બંનેને એકબીજામાં મેળવીને ગર્ભપેશી (ઝાયગોટ) બનાવી શકાય.

### Gamete Intra Fallopian Transfer (GIFT) – ગેમિટ ઈન્ટ્રા ફેલોપિઅન ટ્રાન્સફર (જી.આઈ.એફ.ટી. - ગિફ્ટ)
એક એવી પ્રક્રિયા જેમાં સ્ત્રીમાંથી ઈંડાં મેળવવામાં આવે છે, તેને વીર્ય સાથે મેળવીને તરત જ તે સ્ત્રીની એક અથવા અથવા બીજી ફેલોપિઅન ટ્યુબમાં દાખલ કરી દેવામાં આવે છે જેથી તે શરીરની અંદર (જીવંત સ્વરૂપમાં) ગર્ભકોષ તરીકે વિકાસ પામી શકે.

### Identifying information / Non-identifying information – ઓળખી શકાય તેવી માહિતી/ન ઓળખી શકાય તેવી માહિતી
ઓળખી શકાય તેની માહિતી એટલે કે એવી માહિતી જેના પરથી કોઈ વ્યક્તિની ઓળખ થઈ શકે, અથવા તેના કારણે તે વ્યક્તિ ઓળખાઈ શકે (દાખલા તરીકે નામ અથવા જન્મ તારીખ).

ન ઓળખી શકાય તેવી માહિતી એટલે કે કોઈ વ્યક્તિ વિશે એવી માહિતી જેના પરથી તે વ્યક્તિની ઓળખ થઈ શકે તેમ ન હોય (દાખલા તરીકે તેમના વાળનો રંગ અથવા લઘુમતી વંશમૂળ).

### Insemination – ગર્ભાધાન
સ્ત્રીના પ્રજનનક્ષમ ગર્ભાશયમાં કૃત્રિમ રીતે વીર્ય દાખલ કરવું. તે તાજાં કઢાયેલા વીર્યનો ઉપયોગ કરીને અથવા પહેલેથી થીજવેલા વીર્યનો ઉપયોગ કરીને કરી શકાય છે.

### Intra Uterine Insemination (IUI) – ઈન્ટ્રા યુટરાઈન ઈન્સેમિનેશન (આ.યુ.આઈ.)
સ્ત્રીના ગર્ભાશયની અંદર વીર્ય દાખલ કરવું.

### In vitro – ઈન વિટ્રો
શરીરની બહાર (દા.ત. લેબોરેટરીમાં) કરવામાં આવતી પ્રક્રિયા.

### In Vitro Fertilisation (IVF) – ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈ.વી.એફ.)
જ્યાં ઈંડાં અને વીર્ય એકઠાં કરીને તેમને લેબોરેટરીમાં ભેગાં કરવામાં આવે છે અને શરીરની બહાર ગર્ભકોષનો વિકાસ કરવામાં આવે છે. આ રીતે પેદા કરાયેલ એમ્બ્રિઓને તે પછી સ્ત્રી દર્દીના શરીરમાં દાખલ કરી દેવામાં આવે છે.

### In vivo – ઈન વિવો
શરીરની અંદર કરવામાં આવતી પ્રક્રિયા.

### Surrogacy – સરોગસી
બીજી કોઈ વ્યક્તિ માટે કોઈ સ્ત્રી ગર્ભધારણ કરે તે પ્રક્રિયા. સંપૂર્ણ સરોગસીમાં માતાપિતા બનવા ઈચ્છતી વ્યક્તિનાં ઈંડા અને વીર્યનો ઉપયોગ કરીને, દાન કરાયેલ ઈંડાં અને પિતા બનવા ઈચ્છતા પુરૂષના વીર્યનો ઉપયોગ કરીને અથવા દાન કરાયેલ ઈંડાં અને વીર્યનો ઉપયોગ કરીને પેદા કરવામાં આવેલ એમ્બ્રિઓને ગર્ભ ધારણ કરનારી સ્ત્રીના શરીરમાં દાખલ કરવાનો સમાવેશ થાય છે.

આંશિક સરોગસીમાં પિતા બનવા ઈચ્છતા પુરૂષના વીર્ય અને સરોગેટ માતા બનવા ઈચ્છતી સ્ત્રીના ઈંડાંનો ઉપયોગ કરવામાં આવે છે.

### Zygote – ગર્ભપેશી
પ્રજનનક્રિયાના પરિણામ સ્વરૂપે બનતો ગર્ભ - ગર્ભપેશી.